# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૭ તા.૧૬-૦૧-૨૦૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અમદાવાદ શહેરને ભારતના “પ્રથમ વર્લ્ડ હેરિટેજ સીટીનું” વિશ્વગૌરવ પ્રાપ્ત થતાં અમદાવાદ શહેરમાં હેરિટેજ ચિત્ર સ્પર્ધા અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદની તમામ અપર પ્રાયમરી શાળાઓએ તા.૧૮/૧/૨૦૧૮ ના રોજ શાળા સમય દરમ્યાન ધો. ૬ થી ૮ ના વિધાર્થીઓ માટે નીચે મુજબના વિષયો ઉપર શાળા કક્ષાએ જ બે કલાકની ચિત્ર સ્પર્ધા યોજવાની રહેશે.

ચિત્ર સ્પર્ધા માટેનો વિષય :- **મારા નગરના ઉત્સવો અને સાંસ્કૃતિક વારસો**

**(અમદાવાદ શહેરમાં દિવાળી,હોળી,ઈદ,રથયાત્રા, ઉત્તરાયણ, રક્ષાબંધન, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ,ફ્લોવર શૉ, કાંકરિયા કાર્નિવલ, સાબરમતી મહાઆરતી જેવા તહેવાર-ઉત્સવો પ્રસંગોના દૃશ્યો તથા શહેરના સાંસ્કૃતિક વારસા, રીતિ-રિવાજો, કલા-સ્થાપત્યો, પોળો, દરવાજાઓ, ગુજરી બજાર,શહેરની વિશેષતાઓ અન્વયે વિદ્યાર્થીઓ પોતાની મૌલિક કલ્પનાઓ, અવલોકનો, અનુભુતિઓ અને સંવેદનાઓને વ્યક્ત કરતા ચિત્રો દોરે તે માટે સ્પર્ધા પૂર્વે માર્ગદર્શન આપવું.)**

૧. શાળાના મહત્તમ વિધાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે તેવું આયોજન કરવું.

૨. શાળાએ વિધાર્થીઓને ૧૫ X ૧૧ ઇંચની સાઇઝના ડ્રોઇંગ પેપર આપવાના રહેશે. તેની પાછળના ભાગે શાળાનો સીકકો, વિધાર્થીનું નામ, હાજરીપત્રક ક્રમાંક, ચિત્રનો વિષય અને વર્ગ શિક્ષકની સહી કરાવવી.

3. ચિત્ર સ્પર્ધાનો સમય બે કલાકનો રાખવો.

૪. વિધાર્થીઓ પેન્સીલ, રબર, કલર વગેરે જરૂરી સામગ્રી લઇને આવે તેવી અગાઉથી સૂચના આપવી.

૫. વિધાર્થીઓએ ચિત્ર દોરીને તેમાં ચોકકલર કે ઓઇલ પોસ્ટર કલર કરવાનો રહેશે.

૬. ધો.૬ થી ૮ ના શાળાના તમામ વિધાર્થીઓએ દોરેલ ચિત્ર પૈકી શ્રેષ્ઠ ૧ ચિત્રની પસંદગી કરવી.

પ્રથમ વિજેતા વિદ્યાર્થીનું ચિત્ર તા.૧૮-૧-૧૮ના રોજ ૩-૦૦ કલાક સુધી જે-તે ઝોન ઉપર પહોંચાડવાનું રહેશે.

**શાળા કક્ષાએ પ્રથમ વિજેતા વિધાર્થીને તા.૨૨/૧/૧૮ ના રોજ અમદાવાદ શહેર કક્ષાની ચિત્ર સ્પર્ધા માટે ૭-30 કલાકે એક શિક્ષક સાથે સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરા ખાતે બિનચૂક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.**

શહેર કક્ષાની સ્પર્ધામાં વિધાર્થીઓને ડ્રોઇંગ પેપર તથા કલર કીટ આપવામાં આવશે.

શહેર કક્ષાની હરિફાઇમાં ભાગ લેનાર તમામ વિધાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવનાર છે. ધો.૬ થી ૮ ના વયજૂથ નંબર ૧ માં શહેર કક્ષાએ ૧ થી ૩ ક્રમાંકની શ્રેષ્ઠ કૃતિઓને ટ્રોફી અને ઇનામ આપવામાં આવનાર છે તથા અન્ય પાંચ વિધાર્થીઓને પ્રોત્સાહક ઇનામ પણ આપવામાં આવશે.

આ પ્રવૃતિમાં શહેર કક્ષાએ એક પણ શાળા ગેરહાજર ન રહે તે મુખ્ય શિક્ષકશ્રીને સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

તા.૧૬-૦૧-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી